# બિહારમાં બાળકોના ભોજનમાં ઝેરી તત્વોને સમર્થન

પટણા,તા. ૧૮

બિહારમાં મધ્યાહન ભોજનની યોજના દરમિયાન ખોરાકી ઝેરના કારણે ૨૨ સ્કૂલી બાળકોના મોત બાદ ઉંડી તપાસ ચાલી રહી છે. બે જગ્યાઓએ ખોરાકી ઝેરના બનાવો બની ગયા બાદ હવે તપાસ હાથ ધરવામાં આવી છે. તપાસમાં પ્રાથમિકરીતે તબીબોએ કેટલાક તારણો આપ્યા છે. પોસ્ટમોર્ટમ રિપોર્ટ તૈયાર કરવામાં આવી ચુક્યા છે જેમાં જાણવા મળ્યુ છે કે બાળકોના ભોજનમાં અથવા તો તેલમાં ઈન્સેક્ટીસાઈટને સમર્થન મળ્યુ છે. તબીબોએ આ સપ્તાહમાંજ મૃત્યુ પામેલા બાળકોના પોસ્ટમોર્ટમ રિપોર્ટ તૈયાર કર્યા છે. પટણા મેડિકલ કોલેજ હોસ્પિટલના અધિકારી અમરકાંત ઝાંએ કહ્યુ છે કે સ્કૂલમાંથી એકત્રિત કરવામાં આવેલા ઘટક તત્ત્વોના રાસાયણીક પરિક્ષણો



કરવામાં આવી ચુક્યા છે જેમાં કેટલીક બાબતોને સમર્થન મળ્યુ છે અને આમાં બેદરકારી સ્પષ્ટપણે સપાટી પર આવે છે. જો કે કેટલાક ઘટકતત્વોના પરિક્ષણોના પરિણામ હજુ જાહેર કરવામાં આવ્યા નથી. બિહાર રાજ્યના પાટનગર પટણાથી ૮૦ કિલોમીટર ઉત્તરે સ્થિત મસરખ તાલુકામાં ગંદામાલ ગામમાં મંગળવારના દિવસે ખોરાકી ઝેરનો બનાવ બન્યો હતો. સ્કૂલી બાળકોને મફતમાં મધ્યાહન ભોજન યોજનાના ભાગરૂપે ભોજન આપવામાં આવ્યા બાદ ઘણા બાળકોની હાલત કફોડી બની ગઈ હતી. ભોજન લીધા બાદ પાંચથી ૧૨ વર્ષની વયના બાળકોને માઠી અસર થઈ હતી અને અસરગ્રસ્તો પૈકી ૨૨ના મોત થઈ ગયા હતા. ડઝન જેટલા બાળકો હજુ પણ હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. ૨૫ બાળકોને હજુ સારવાર આપવામાં આવી રહી છે. પટણા મેડિકલ કોલેજ હોસ્પિટલના અધિકારી અમરકાંત ઝાંનું કહેવું છે કે મધ્યાહન ભોજપન યોજનામાં તમામ ચીજવસ્તુઓની ચકાસણી કરવામાં આવી રહી છે. ચાર બાળકો હજુ પણ ઈન્ટેન્સીવ કેર યુનિટમાં છે. ઝેરની અસર દૂર કરવામાં થોડોક સમય લાગી શકે છે. બીજી બાજુ બિહારના શિક્ષણ પ્રધાન પીકે શાહીએ ગઈકાલે એવો આક્ષેપ કર્યો હતો કે બાળકોને આપવામાં આવેલા ભોજનમાં ઝેરી તત્ત્વો હતા. આમાં ઓર્ગનો ફોસ્ફેટનું પ્રમાણ હજુ જેનો ઉપયોગ ચોખા અને ઘઉના પાકમાં જંતુનાશક તરીકે કરવામાં આવે છે. શાહીનું કહેવુ છે કે બાળકો અંગે પોસ્ટમોર્ટમ રિપોર્ટથી સાબિત થાય છે કે ભોજન અથવા તો કેરમાં ઈન્સેક્ટીસાઈટ હોઈ શકે છે. કેમિકલ અંગે વધારે વિગતની રાહ જોવામાં આવી રહી છે.

## બિહારના પ્રધાન પર હિંસક હુમલો થયો

હાજીપુર,તા. ૧૮

બિહારમાં મધ્યાહન ભોજન યોજનામાં મોટી સંખ્યામાં બાળકોના મોત થયા બાદ પ્રધાનોને લોકોની નારાજગીનો સામનો કરવો પડી રહ્યો છે. આના ભાગરૂપે બિહારના પ્રધાન પરવિન અમાનઉલ્લાહ ઉપર વૈશાલી જિલ્લામાં આજે તોફાની ટોળાએ હુમલો કરી દીધો હતો અને તેમને કેટલાક સમય સુધી રોકી રાખવામાં આવ્યા હતા. રાજ્યમાં મધ્યાહન ભોજન યોજનાનો શિકાર થયેલા લોકોના પરિવારના સભ્યો હિંસક દેખાવ કરી રહ્યા હતા. મળેલી માહિતી મુજબ સામાજિક કલ્યાણ માટેના પ્રધાન અમાનઉલ્લાહ પટણાથી મુજ્જફરપુર તરફ જઈ રહ્યા હતા તે વેળા દેખાવકારોએ નાકાબંધી કરવાના પ્રયાસ કર્યા હતા. હાજીપુર શહેરથી પાંચ કિલોમીટરના અંતરે સ્થિત રાયબિરેન્દ્ર કોલેજ નજીક નેશનલ હાઈવે ૭૭ પર દેખાવકારોએ નાકાબંધી કરી હતી અને પ્રધાનનીકાર પર પથ્થરમારો ચલવ્યો હતો જેથી તેમને રોકાઈ જવાની ફરજ પડી હતી. અમાનઉલ્લાહે માહિતી આપતા કહ્યુ છે કે પોલીસ આવે તે પહેલા તેમને ૧૫ મિનિટ સુધી તોફાની ટોળાએ રોકી રાખ્યા હતા. પથ્થરમારા વેળા પ્રધાન કારમાં જ હતા. આ બનાવ બાદ પરવિન અમાનઉલ્લાહે તેમનો કાર્યક્રમ રદ્દ કર્યો હતો અને પટણા પરત ફર્યા હતા. વૈશાલીના એસપી સુરેશ ચૌધરીને આ બનાવને સમર્થન આપ્યુ છે. બિહાર સરકાર હાલમાં સારંગ જિલ્લામાં મધ્યાહન ભોજન યોજનામાં ૨૨ બાળકોના મોત થયા બાદ લોકોની નારાજગીનો સામનો કરી રહી છે. ઘણા રાજકીય પક્ષોએ ગઈકાલે જ બંધની હાંકલ કરી હતી. બિહાર સરકાર મુશ્કેલીમાં મુકાઈ ગઈ છે.

## ભારત ચીનની સીમા પર વધુ ૫૦ હજાર જવાનો તૈનાત કરશે

નવીદીલ્હી, તા. ૧૮

ચીન તરફથી ઘૂસણખોરીની વધતી જતી ઘટનાઓને ધ્યાનમાં ભારતે વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) ઉપર યુદ્ધ ક્ષમતાને વધુ મજબૂત બનાવવાનો ફેસલો કર્યો છે. આ માટે કેન્દ્ર સરકારે એક નવી કોર કમિટીની રચના માટે મંજૂરી આપી દીધી છે.

જેથી ભારત-ચીન સીમા પર ૫૦ હજારથી વધુ જવાનો તૈનાત કરવામાં આવશે બુધવારે પ્રધાનમંત્રી મનમોહનસિંહની અધ્યક્ષતામાં સુરક્ષા મામલા પર કેબિનેટ કમિટી (સીસીએસ)એ નવી કોર કમિટીની રચનાને લીલી ઝંડી આપી દીધી હતી. આની પાછળ લગભગ ૬૫ હજાર કરોડનો ખર્ચ થવાની સંભાવના છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર સરકારની યોજના નવી કોર કમિટી તૈયાર કરવાની છે. જેની મુખ્ય ઓફિસ પશ્ચિમ બંગાળના પાનાગઢમાં હશે. સાથે જ બિહાર અને આસામમાં આના ડીવિઝન બનાવવામાં આવશે. લદ્દાખથી લઈ અરૂણાચલ પ્રદેશ સુધી આના યુનિટો કાર્યરત કરવામાં આવશે. પ્રધાનમંત્રી કાર્યાલય (પીએમઓ) માં સેનાધ્યક્ષ જનરલ વિક્રમસિંઘ તથા વાયુસેનાના અધ્યક્ષ એરચીફ માર્શલ એન. એ. કે. બ્રાઉનની હાજરીમાં આ બેઠક મળી હતી. જેમાં રક્ષામંત્રી એ. કે. એન્ટોની, વિદેશમંત્રી સલમાન ખુરશીદ તથા નાણામંત્રી પી. ચિદમ્બરમ સહિત (સીસીએલ)ના કેટલક સદસ્યો હાજર રહ્યા હતા.

વર્તમાન સમયમાં સેના યુદ્ધ માટે સક્ષમ હાજર વધુ કોર પાકિસ્તાનની સીમા પર તૈનાત કરાયેલ છે. જે વિશેષ કરીને જમીન ઉપરના યુદ્ધમાં સક્ષમ છે. પરંતુ નવી કોર પહાડી વિસ્તારોમાં પણ યુદ્ધ કરવામાં માહેર છે. આવતા સાત વર્ષોમાં સૈન્ય પોતાની યોજના પ્રમાણે જવાનોની ભરતી તેમજ ગોઠવણી કરશે.

# મેડિકલમાં પ્રવેશ માટે નીટને રદ્દ કરવાનો સુપ્રીમનો ચુકાદો

નવીદીલ્હી, તા. ૧૮

સુપ્રીમ કોર્ટે એમ.બી.બી.એસ., બી.ડી.એસ., અને સ્નાતક કક્ષાનાં મેડિકલ કોર્સમાં એડમિશન માટે સંયુક્ત પ્રવેશ પરીક્ષા આયોજીત કરવાની મેડિકલ કાઉન્સીલ ઓફ ઈન્ડિયાની અધિસૂચના ગુરૂવારે રદ્દ કરી દીધી છે. સુપ્રીમ કોર્ટની ત્રણ ન્યાયાધીશોની બેન્ચે બે વિરૂદ્ધ એક દ્વારા આપેલા નિર્ણયમાં રાષ્ટ્રીય પાત્રતા પ્રવેશ પરીક્ષા માટે અધિસૂચનાને બંધારણીય કરાર આપ્યો છે.

ટોચની અદાલતે જો કે સ્પષ્ટ કર્યું છે કે આ ચુકાદાની તે એડમિશન પર અસર નહીં પડે જે પહેલા અપાઈ ચુક્યા છે. ન્યાયાધીશ એ.આર. દવેએ મુખ્ય ન્યાયમુર્તિ અલ્તમસ કબિર અને ન્યાયમુર્તિ વિક્રમજીત સેનનાં નિર્ણય સાથે અસહમતિ



દર્શાવી હતી. બહુમતિનાં આધારે અપાયેલા નિર્ણયમાં બેન્ચે જણાવ્યું હતું કે એમસીઆઈની અખિલ ભારતીય ચિકિત્સા પ્રવેશ પરિક્ષા વિશે ભલામણ કરવાનો અધિકાર નથી. બેન્ચે એમપણ જણાવ્યું હતું કે એમસીઆઈની અધિસૂચનાં બંધારણનાં અનુચ્છેદ ૧૯, ૨૫, ૨૬, ૨૯ અને ૩૦નું ઉલ્લંઘન છે. ન્યાયમુર્તિ એ.આર. દવેએ જણાવ્યું હતું કે તેઓ ન્યાયમુર્તિ કબિર અને સેન સાથેનાં વિચારો સાથે સંબંધિત નથી.

ન્યાયમુર્તિ દવેએ જણાવ્યું હતું કે રાષ્ટ્રીય પાત્રતા પ્રવેશ પરીક્ષાનું આયોજન કરવું કાયદેસર તથા વ્યવહારીક છે અને સમાજની જરૂરીયાત છે માટે મે અસહમતિ વ્યક્ત કરી હતી.

અદાલતનો આ નિર્ણય સમગ્ર દેશમાં આવેલી કોલેજોમાં એમ.બી.બી.એસ. અને સ્નાતક કક્ષાનાં ચિકિત્સા અભ્યાસક્રમમાં એડમિશન સંબંધી નીટ વિશે એમ.સી.આઈ.ની અધિસૂચના પડકારતી ૧૧૫ અરજીઓ પર સુનવણી કર્યા બાદ લેવાયો છે. ૨૩મી મેએ અદાલતે પહેલા લેવાયેલ પરીક્ષાનાં પરિણામની જાહેરાત પર મુકેલો પ્રતિબંધ દૂર કરી દીધો હતો અને જણાવ્યું હતું કે એડમિશનની પ્રક્રિયા આગળ વધારવામાં આવે. બેન્ચે આ પહેલા આ અંગે જુદી-જુદી અદાલતોમાં પેન્ડિંગ પડેલી તમામ અરજીઓ ૧૫મી જાન્યુઆરી સુધી તેની પાસે મોકલવાનો આદેશ આપ્યો હતો.

**તમામ બાળકીઓ ખતરાની બહાર**

## તમિળનાડુમાં ખોરાકી ઝેરથી ૧૦૦ને અસર

બિહારમાં મધ્યાહન ભોજન યોજનામાં ખોરાકી ઝેરને લઈને ભારે હોબાળો મચેલો છે ત્યારે હવે તમિળનાડુમાં નેયવેલીમાં સરકારની સ્કૂલમાં ખોરાકી ઝેરની અસર જોવા મળી રહી છે જેના પરિણામ સ્વરૂપે ૧૦૧ બાળકીઓને હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી છે. આજે બપોરે મધ્યાહન ભોજન યોજનામાં ભોજન લીધા બાદ આ તમામ બાળકીઓને ઉલ્ટીઓ શરૂ થવા લાગી ગઈ હતી. પોલીસે કહ્યુ હતુકે આ તમામ બાળકીઓ ધોરણ ૬થી ૯માં અભ્યાસ કરી રહી છે. બપોરે ૧થી ૧.૩૦ વાગ્યાના ગાળામાં સ્કૂલમાં ભોજન આપવામાં આવ્યા બાદ ખોરાકી ઝેરની અસર થઈ હતી. તમામ અસરગ્રસ્ત બાળકીઓને નેયવેલી લિગ્નાઈટ કોર્પોરેશન હોસ્પિટલમાં દાખલ કરવામાં આવી હતી જ્યાં તેમને પ્રાથમિક સારવાર આપવામાં આવ્યા બાદ હાલમાં નિરિક્ષણ હેઠળ રાખવામાં આવી છે. ફરજ ઉપરના તબીબોએ જાહેરાત કરી છે કે તમામ વિદ્યાર્થિનીઓ ખતરાની બહાર છે.

## સમાચાર ઝલક

- સુપ્રીમની ફટકાર પછી એસિડને ઝેરના વર્ગનાં મુક્તા નિર્ણય.
- સોના ઉપર અંકુશના કારણે જ્વેલરી ઉદ્યોગ વિસામણમાં.
- હાઇવે પર ચોવીસ કલાક મફત સારવાર મળશે, દર ૩૦ કી.મી. એમ્બ્યુલન્સ હાજર હશે.
- ફેસબુક પર ૧૩ વર્ષથી ઓછી ઉંમરનાં બાળકો માટે પ્રતિબંધ.
- રાંધણ ગેસની સબસીડી રોકડમાં ચુકવવાનો આરંભ, મહેસાણા જિલ્લાથી પ્રારંભ થશે.
- એમ.બી.બી.એસ.માં ૩૦૦૦ વિદ્યાર્થીઓ પ્રવેશ મેળવી શકશે.
- ધોનીને 'હેલીકોપ્ટર શોર્ટ' શીખવાડનાર ક્રિકેટર મિત્ર સંતોષલાલનું નિધન.
- રાષ્ટ્રપતિ ભવનમાં રોજ બે લાખ રૂપિયાની વીજળીનો વપરાશ!
- વિવિધ રાષ્ટ્રીયકૃત બેંકો હાલ વ્યાજ વધારવાના મૂડમાં નથી.
- ૧લી ઓક્ટોબરથી જીવન વીમા પ્રિમિયિમને સર્વિસ ટેક્સ લાગુ પડશે.
- આફ્રિકા કિનારા પાસે ગેબોનમાં દરિયાઇ ચાંચીયા ત્રાટક્યા. ૨૪ ભારતીયો સાથે જહાજનું અપહરણ.
- રાજકોટમાં સ્ટેટ બેંકનાં મહિલા કેશિયરે ગણતરી વખતે રૂા. ૭૪ હજાર સેરવી લીધા.
- ઇશરત જહાનાં મામલામાં વિત્ત મંત્રી ચિદંમબરમના કહેવાથી સોગંદનામુ બદલાયું હતું : નવો ખુલાસો.
- દિલ્હીમાં ૯૯ પિસ્તોલ સાથે ૨ વ્યક્તિઓ ઝડપાયા.
- હવે ફેસપેક, કાજલ, હેર ડાઇ સહિત પાંચ સૌંદર્ય પ્રસાધનો કાયદા હેઠળ આવશે.
- આજથી ગૌરીવ્રત અને શનિવારથી જયાપાર્વતીનો પ્રારંભ.
- નર્મદાબંધ ૧૨૧ મીટર નજીક.
- સરકારી ગોડાઉનમાં ૭૩૯ લાખ ટન અનાજનો જથ્થો, બફર સ્ટોક કરતાં ત્રણ ઘણો વધુ.
- શિરડીમાં માત્ર રૂા. ૧૦ માં રહેવાની સુવિધા.
- ઇન્ફ્યુએન્ઝા વાયરસનો ફુફાડો, મિશ્ર ઋતુના કારણે વધતો રોગચાળો, શરદી, તાવ, ઉધરસ, માથાનો દુખાવાની ફરિયાદો.
- વડોદરામાં મહિલા પ્રોફેસરની છેડતી છાત્ર દ્વારા કરવામાં આવી.
- ટૂંકમાં તોતીંગ સળિયાના જોખમી હેરફેર ઉપર પ્રતિબંધ આવશે, કાયદો સુધારાશે.
- ૧૨ લાખ કરચોરો પર ત્રાટકવા તંત્ર સજ્જ.
- ડુંગળીના ભાવમાં વધારો, છૂટક ભાવમાં પાંચ ગણો વધારો.
- પાકિસ્તાની જેલમાં ૧૬ માછીમારો મોતને ભેટ્યા.

## અનિલ અંબાણી સામે સમન્સ અંગે આજે ચુકાદા પર નજર

નવી દિલ્હી,તા. ૧૮

સમગ્ર દેશને હચમચાવી મુકનાર ૨જી કેસમાં સાક્ષી તરીકે રિલાયન્સ એજીએજીના ચેરમેન અનિલ અંબાણી અને તેમના પત્ની ટીના અંબાણી સામે સમન્સ જારી કરવાની સીબીઆઈની અરજી પર ખાસ સીબીઆઇ કોર્ટ આવતીકાલે ચુકાદો આપે તેવી શક્યતા છે. જેથી તમામની નજર આના પર કેન્દ્રિત થઇ ગઈ છે. ખાસ સીબીઆઈ અદાલતે બુધવારના દિવસે તેનો ચુકાદો અનામત રાખ્યો હતો.ટેલિકોમ લાયસન્સ મેળવવા અને સ્પેક્ટ્રમ હાંસલ કરવા માટે સ્વાન ટેલિકોમમાં રીલાયન્સ એડીએ ગ્રુપ કંપની દ્વારા ૯૯૦ કરોડ રૂપિયા રોકવામાં આવ્યા હતા. આ જંગી રોકાણમાં કોની ભૂમિકા મહત્વની હતી તે જાણવા માટે હવે પ્રયાસો ચાલી રહ્યા છે. સીબીઆઇ તરફથી હાજર રહેલા સ્પેશિયલ પબ્લિક પ્રોસિક્યુટર યુયુ લલિત દલીલ કરી ચુક્યા છે કે કોર્પોરેસન અંગે નિર્ણયના સંબંધમાં માહિતી મેળવવા માટે અનિલ અંબાણીનીની તપાસની જરૂર છે. સીબીઆઈની એવી દલીલ છે કે રીલાયન્સ એડીએ ગ્રુપના ચેરમેન રહેલા અનિલ અંબાણી તેમની ગ્રપ કંપની દ્વારા કરવામાં આવેલા જંગી રોકાણના મામલે મહત્વની માહિતી આપી શકે છે. તેમણે કહ્યું હતું કે મુડીરોકાણના નિર્ણયના મામલે અનિલ વાકેફ હતા કે કેમ તે પણ તેઓ જાણવા માગે છે. આવતીકાલે અંબાણી સામે સમન્સ જારી કરવામાં આવશે કે કેમ તે અંગે નિર્ણય પર તમામ કોર્પોરેટ જુથની નજર રહેશે. પ્રોસીક્યુશન સાક્ષી તરીકે બનાવવાની માંગણી સીબીઆઈએ કરતા આવનાર દિવસોમાં આ મામલો વધુ ચર્ચા જગાવે તેવી શક્યતા છે. સીબીઆઈની દલીલ છે કે કંપનીના કારોબારીઓ ઉપર આ કેસમાં આક્ષેપો થયેલા છે. આ ઉપરાંત કેસમાં આરોપી રહેલા કંપનીના કોરાબારીઓ દ્વારા સ્પષ્ટ જવાબો આપવામાં આવ્યા નથી. રિલાયન્સના એડીએજીના કારોબારી તરફથી ઉપસ્થિત થયેલા વરિષ્ઠ વકીલ મુકુલ રોહતાગીએ વિરોધ કર્યો હતો અને કહ્યું હતું કે આ અરજીને ફગાવી દેવી જોઈએ. કારણ કે અનિલ અંબાણી અને ટીના અંબાણીને ત્રાસ આપવાના હેતુસર આ પ્રકારની અરજી દાખલ કરવામાં આવી છે. . રોહતાગીએ દલીલ કરી હતી કે કેસમાં બિનજરૂરી રીતે અનિલ અને ટીનાને હેરાન કરવાનો હેતુ રાખવામાં આવ્યો છે. ટ્રાયલના ભાગરૂપે ૧૩૦ પ્રોસીક્યુશન સાક્ષીઓની પહેલાથી જ ચકાસણી કરવામાં આવી ચૂકી છે. સીબીઆઈએ કહ્યું છે કે રિલાયન્સ એડીએજીના ઘણાબધા સાક્ષીઓની ટ્રાયલ દરમિયાન ચકાસણી કરવામાં આવી ચૂકી છે પરંતુ જુદા જુદા પાસાંઓ ઉપર તેમના યોગ્ય જવાબ મળ્યા નથી. આ જ કારણસર તેઓ અનિલ અને ટીના અંબાણીને પ્રોસીક્યુશન સાક્ષી તરીકે બોલાવવા માગે છે.

## ભારતીય હિમાલય ક્ષેત્રમાં તીવ્ર ધરતીકંપનો ખતરો છે

હૈદરાબાદ,તા. ૧૮

ભારતીય હિમાલયના ઘણા ક્ષેત્રોમાં ભૂકંપનો ખતરો તોળાઈ રહ્યો છે. ભારતીય હિમાલય ક્ષેત્ર કુમાવ, ગઢવાલ સૌથી ભૂકંપ પ્રભાવિત વિસ્તારોમાં સામેલ છે. હૈદરાબાદ શહેરના નેશનલ જિયો ફિઝિકલ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ એનજીઆરઆઈના એક અભ્યાસમાં દાવો કરવામાં આવ્યો છે કે ભારતીય હિમાલયન ક્ષેત્રના અનેક ભાગ ભૂકંપ પ્રત્યે સંવેદનશીલ છે અને ભૂકંપનો ખતરો તોળાઈ રહ્યો છે. એનજીઆરઆઈના વૈજ્ઞાનિકોની ટુકડીએ અભ્યાસ કર્યા બાદ આ મુજબના તારણો આપ્યા છે. અભ્યાસ કરનાર મુખ્ય વૈજ્ઞાનિક સીસ્મીક ટોમોગ્રાફીના શ્યામ રાયે કહ્યુ છેકે અભ્યાસ માટે તેઓએ ઉત્તરાખંડના કુમાવ-ગઢવાલ ક્ષેત્રમાં સિસ્મિક ઈમેજિંગ બાદ આ તારણો કાઢ્યા છે. સિસ્મિક ઈમેજિંગ માનવ શરીરના ઈમેજિંગની જેમ રહે છે. અમેરિકાના સ્ટેનફોર્ડ યુનિવર્સિટીની મદદથી આ અભ્યાસની કામગીરી એપ્રિલ ૨૦૦૫થી જૂન ૨૦૦૮ વચ્ચે હાથ ધરવામાં આવી હતી. આ અંગે શરૂઆતી અહેવાલ વર્ષ ૨૦૧૦માં સોંપવામાં આવ્યો હતો. ભૂકંપ ક્યાં આવી રહ્યા છે. કઈ વ્યવસ્થા હેઠળ આવી રહ્યા છે. કુમાવમાં વર્ષ ૧૮૦૩માં તીવ્ર ભૂંકપનો આંચકો આવ્યો હતો.

## એસિડ હુમલો બિનજામીનપાત્ર અપરાધ તરીકે ગણાશે : સુપ્રીમ

નવી દિલ્હી,તા. ૧૮

સુપ્રીમ કોર્ટે એસિડ હુમલાનો શિકાર થયેલાઓને રાજ્યસરકાર તરફથી વળતરની રકમ વધારીને યુનિફોર્મ દેશભરમાં ત્રણ લાખ રૂપિયા કરી દીધી છે. અગાઉ વળતર તરીકે ઓછી આપવામાં આવતી હતી. ૫૦૦૦૦ સુધીની ઓછી રકમ



આપવામાં આવતી હતી. આજે સુપ્રીમ કોર્ટે એક મહત્વપૂર્ણ ચૂકાદો આપતા એસિડ હુમલાનો શિકાર થયેલા લોકોને ત્રણ લાખ રૂપિયાનું વળતર ચુકવવા રાજ્યોને આદેશ કર્યો હતો. આ ઉપરાંત સુપ્રીમ કોર્ટે રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને તેજાબ અને અન્ય રાસાયણિક પદાર્થોના વેચાણના નિયમો માટે ત્રણ મહિનાની અંદર કાયદો બનાવવાનો આદેશ કર્યો હતો. ઉપરાંત એસિડ હુમલાને બિનજામીનપાત્ર અપરાધ બનાવવાનો પણ આદેશ કર્યો હતો. જસ્ટિસ આરએમ લોધાના નેતૃત્વમાં એક બેંચે કહ્યુ હતુકે રાજ્ય અને કેન્દ્ર શાસિત પ્રદેશ કેન્દ્ર સરકાર દ્વારા તૈયાર કરવામાં આવેલા મોડલ ડ્રાફ્ટ રૂલના આધાર પર દિશા નિર્દેશ જારી કરે. સાથે સાથે હજુ સુધી રાજ્યો અને કેન્દ્ર શાસિત પ્રદેશોને એસિડના વેચાણને અંકુશમાં લેવા પગલા ન લેવા બદલ પણ ઠપકો આપ્યો હતો. સુપ્રીમની બેંચે એમપણ કહ્યુ હતુકે સંબંધિત રાજ્યોના મુખ્ય સચિવ અને દરેક કેન્દ્ર શાસિત પ્રદેશના વહિવટીકારોને આ આદેશને વહેલીતકે અમલી બનાવવાની ખાતરી કરવી જોઈએ. સુપ્રીમ કોર્ટના આજના ચુકાદાને ખૂબ કઠોર ગણવામાં આવે છે. એસિડના છુટક વેચાણ માટે કઠોર નિયમને અમલી કરવા રાજ્ય સરકારોને આદેશ કરવામાં આવ્યો હતો. ત્રણ મહિનાની અંદર પોઈઝન એક્ટ ૧૯૧૯ હેઠળ ઝેર તરીકે આને ગણવાનો પણ આદેશ કર્યો હતો. સુપ્રીમ કોર્ટે કહ્યુ હતુકે માસૂમ બાળકોને એસિડના વેચાણ પર પણ પ્રતિબધ મુકવો જોઈએ. સરકાર દ્વારા જારી કરવામાં આવેલા માન્ય ઓળખપત્ર ધરાવતા લોકોને જ એસિડનું વેચાણ કરવામાં આવે તેવી ખાતરીની પણ વાત કરવામાં આવી છે.

## ડીસીટી ખરડો ચોમાસુ સત્રમાં રજૂ થશે : નાણાંમંત્રી

જયપુર, તા. ૧૮

નાણાંપ્રધાન પી. ચિદમ્બરમે જણાવ્યું હતું કે, ડીટીસી ખરડામાં સત્તાવાર સુધારો જે ૫૦ વર્ષ જુના આવકવેરા કાનૂનની તપાસ કરે છે તે ૫મી ઓગસ્ટથી શરૂ થતાં સંસદના ચોમાસા સત્રના અંતમાં રજૂ થશે. ડાયરેક્ટ ટેક્સ કોડ (ડીટીસી) ખરડો ૨૦૧૦માં લોકસભામાં રજૂ થયો હતો અને નાણા પર સ્થાયી સમિતિએ તેની તપાસ પછી અહેવાલ આપ્યો હતો. સમિતિનો અહેવાલ આવ્યો છે મેં નાણાં મંત્રાલયમાં કામગીરી પૂરી કરી છે. સત્તાવાર સુધારો હવે મુસદ્દો ઘડાઈ રહ્યો છે. તે તૈયાર થશે અને હું ચોમાસા અંતમાં સંસંદમાં સત્તાવાર સુધારો રજૂ કરીશ. તેવું ચિદમ્બરે જણાવ્યું હતું. ડીટીસી સંસંદમાં પસાર થયા સિવાય બધી પ્રક્રિયામાંથી પસાર થાય એવું છે. સંસંદ તે પસાર કરશે.

સંસદનું ચોમાસુ સત્ર ૫મી ઓગસ્ટથી ૩૦ સુધી ચાલશે. ડીટીસી વધુ લોકો અને કંપનીઓને કરહેઠળ લાવવા કરદરોમાં ઘટાડો લક્ષ્યાંક રાખે છે. સ્થાયી સમિતિએ ડીટીસી ખરડો ૨૦૧૦માં કરમુક્તિ મર્યાદા સુચિત બે લાખની સામે વધારીને ૩ લાખ કરવાની ભલામણ કરી છે. અને ગુડ્સ એન્ડ સર્વિસ ટેક્સ (જીએસટી) અંગે પ્રધાને જણાવ્યું હતું કે, એક અને બે રાજ્યોમાં સરકારો તેનો વિરોધ કરી રહ્યા છે.

## ભારત ચીનની સીમા પર વધુ ૫૦ હજાર જવાનો તૈનાત કરશે

નવીદીલ્હી, તા. ૧૮

ચીન તરફથી ઘૂસણખોરીની વધતી જતી ઘટનાઓને ધ્યાનમાં ભારતે વાસ્તવિક નિયંત્રણ રેખા (એલએસી) ઉપર યુદ્ધ ક્ષમતાને વધુ મજબૂત બનાવવાનો ફેસલો કર્યો છે. આ માટે કેન્દ્ર સરકારે એક નવી કોર કમિટીની રચના માટે મંજૂરી આપી દીધી છે.

જેથી ભારત-ચીન સીમા પર ૫૦ હજારથી વધુ જવાનો તૈનાત કરવામાં આવશે બુધવારે પ્રધાનમંત્રી મનમોહનસિંહની અધ્યક્ષતામાં સુરક્ષા મામલા પર કેબિનેટ કમિટી (સીસીએસ)એ નવી કોર કમિટીની રચનાને લીલી ઝંડી આપી દીધી હતી. આની પાછળ લગભગ ૬૫ હજાર કરોડનો ખર્ચ થવાની સંભાવના છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર સરકારની યોજના નવી કોર કમિટી તૈયાર કરવાની છે. જેની મુખ્ય ઓફિસ પશ્ચિમ બંગાળના પાનાગઢમાં હશે. સાથે જ બિહાર અને આસામમાં આના ડીવિઝન બનાવવામાં આવશે. લદ્દાખથી લઈ અરૂણાચલ પ્રદેશ સુધી આના યુનિટો કાર્યરત કરવામાં આવશે. પ્રધાનમંત્રી કાર્યાલય (પીએમઓ) માં સેનાધ્યક્ષ જનરલ વિક્રમસિંઘ તથા વાયુસેનાના અધ્યક્ષ એરચીફ માર્શલ એન. એ. કે. બ્રાઉનની હાજરીમાં આ બેઠક મળી હતી. જેમાં રક્ષામંત્રી એ. કે. એન્ટોની, વિદેશમંત્રી સલમાન ખુરશીદ તથા નાણામંત્રી પી. ચિદમ્બરમ સહિત (સીસીએલ)ના કેટલક સદસ્યો હાજર રહ્યા હતા.

યોજના પ્રમાણે વાયુસેના પણ પોતાની ક્ષમતાને વધારી પાનાગઢમાં ૬ મીડએર રેક્યુફલિંગ ટેન્કર તથા સી-૧૩જે ઉપર હરક્યૂલિસ સ્પેશિયલ ઓપરેશન એરક્રાફટને ગોઠવી દેશે. સેના એ આ સંબંધે ૨૦૧૦માં પ્રસ્તાવ મોકલ્યો હતો. પરંતુ કેન્દ્ર સરકારે એમ કહીને સેનાનો પ્રસ્તાવ પરત કરી દીધો હતો કે, ચીન સીમા પર આપણી સુરક્ષા ક્ષમતા વધારવા માટે ત્રણેય સેનાઓ સાથે મળીને યોજના તૈયાર કરે. સેનાને મજબૂત કરવા માટે પૂર્વોત્તર ક્ષેત્રમાં બંકરો અને તોપખાના પણ તૈયાર કરવામાં આવશે.

વર્તમાન સમયમાં સેના યુદ્ધ માટે સક્ષમ હાજર વધુ કોર પાકિસ્તાનની સીમા પર તૈનાત કરાયેલ છે. જે વિશેષ કરીને જમીન ઉપરના યુદ્ધમાં સક્ષમ છે. પરંતુ નવી કોર પહાડી વિસ્તારોમાં પણ યુદ્ધ કરવામાં માહેર છે. આવતા સાત વર્ષોમાં સૈન્ય પોતાની યોજના પ્રમાણે જવાનોની ભરતી તેમજ ગોઠવણી કરશે.

## ડાન્સગર્લ હવે ફરીવાર મુંબઈ તરફ

નવી દિલ્હી,તા. ૧૮

મુંબઈમાં ડાન્સબાર ખુલી શકે છે તેવા સુપ્રીમ કોર્ટના આદેશ બાદ મુંબઈમાં ફરી એકવાર ડાન્સબાર ખોલવા માટેની તૈયારી શરૂ કરવામાં આવી ચુકી છે. ડાન્સબારમાં કામ કરતી યુવતિઓ અને ડાન્સબારના માલિકો ઉત્સાહિત દેખાઈ રહ્યા છે. ડાન્સબાર બંધ થઈ જવાના કારણે જુદા જુદા રાજ્યોના મોટા શહેરોમાં આજિવીકા માટે પહોંચેલી ડાન્સબારમાં કામ કરતી યુવતિઓ ફરી એકવાર મુંબઈ તરફ આવવાની શરૂઆત કરી ચૂકી છે. ચેન્નઈ, અન્ય મોટા શહેરોની યુવતિઓ પરત મુંબઈ આવવાની તૈયારીમાં છે. સુપ્રીમ કોર્ટે તાજેતરમાં જ મુંબઈમાં ડાન્સબારને ખોલવાને લીલીઝંડી આપી હતી. સાથે સાથે મહારાષ્ટ્ર સરકારના ડાન્સબાર પર પ્રતિબંધ મુકવાના નિર્ણયને ફગાવી દેવામાં આવ્યો હતો. મુંબઈમાં ડાન્સબારમાં કામ કરતી યુવતિઓમાં મદ્રાસ ગર્લ વધારે જાણીતી રહી છે. કેટલીક યુવતિઓનું કહેવું છે કે ઓછા પૈસાના પરિણામ સ્વરૂપે ઘણી જગ્યાઓએ બારમાં કરતી યુવતિઓને તકલીફ નડી રહી હતી. હવે તેઓ મુંબઈ તરફ આગળ વધી રહી છે. તમિળ ફિલ્મોમાં કેટલીક યુવતિઓને નજીવી ભૂમિકાઓ પણ મળી હતી. સુપ્રીમ કોર્ટમાં આદેશ બાદ અગાઉ મુંબઈમાં ડાન્સબારમાં કામ કરી રહેલી યુવતિઓ વહેલીતકે મુંબઈ પરત ફરવાની યોજનામાં છે.